**ઉના પોલીસ સ્ટે. ગુ. રજી. નં.– ૧૧૧૮૬૦૦૮૨૧૧૦૨૨ /૨૦૨૧ ના કામનાં**

**આરોપી પિયુષભાઈ મોહનભાઈ ભોડુની જામીન અરજી લગત**

## :: જામીન અરજી લગત હુ ક મ ::

(૧) હાલનાં આરોપીની જામીન અરજી વંચાણે લીધેલ છે તથા કેસનું રેકર્ડ વંચાણે લીધેલ છે. આરોપી મુદતે હાજર ન રહેતાં તેમના વિરૂધ્ધ નોન–બેલેબલ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ તેમજ તે અન્વયે આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવામાં આવેલ. આરોપી તર્ફે તેમના **વિ.વ.શ્રી પી.ડી.સોલંકી** ની મુખ્યત્વે એવી રજુઆત છે કે, આરોપી અજ્ઞાનતા તેમજ મેડીકલ કારણો સબબ ગેરહાજર રહેલ, હવે પછી નામદાર અદાલત સમક્ષ હાજર રહેવામાં કસુર કરશે નહી, તમામ શરતોનું પાલન કરશે, જેથી યોગ્ય રકમના જામીન પર મુકત કરવા અરજ છે.

(૨) પ્રોસીકયુશન તરફે એ.પી.પી.શ્રીએ જામીન અરજી સામે વાંધો લઈને રજુઆત કરેલ છે કે આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી નિયમીતપણે હાજર રહેવામાં ચુક કરશે અને તેનાથી કેસની ન્યાયીક કાર્યવાહી વિલંબમાં પડશે, જેથી જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૩) ઉપરોકત બન્ને પક્ષોની રજુઆત અને કેસના કાગળ વંચાણે લીધા. નામદાર સુપ્રીમકોર્ટના સિધ્ધાંત મુજબ જામીન તે નિયમ, જેલ તે અપવાદ સિધ્ધાંત જોતાં હાલનો કેસ અપવાદરૂપ જણાતો નથી, તથા આ તબકકે આરોપીઓને જેલમાં મુકવાથી તે 'પ્રિ–ટ્રાયલ કન્વીકશન' ગણાશે. જામીન અરજીના નિર્ણય કરતી વખતે જરૂરી પાસાઓનો અભ્યાસ કરતા તથા આરોપી દવારા હવે પછી તમામ શરતોનું પાલન કરવા, તેમજ નિયમિત હાજર રહેવા ખાતરી આપતા હોઈ ક્રીમીનલ પ્રોસીઝર કોડ ની કલમ ૪૩૭ ની જોગવાઈ અને વિવેકાધિન સતાનો ઉપયોગ કરવો હાલના તબકકે ન્યાયોચિત જણાય છે. તથા આરોપીઓ પોતાના બંધારણીય અધિકારોથી વંચિત ન રહી જાય તે પણ અત્રેની કોર્ટે જોવાનુ છે. જેથી ઉપરોકત તમામ પાસા અને હકીકતોને ધ્યાને લઈ આરોપીઓની જામીન અરજી લગત નીચે મુજબનો ન્યાયનો હેતું જળવાય તેમ હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે. આરોપીને **રૂા. ૧૫,૦૦૦/–(અંકે રૂા. પંદર હજાર પુરા)**નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા પર નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

**–:: <u>શરતો</u> :–**

(૧) આરોપીએ આવી કે આવા પ્રકારની કોઈપણ ગુનાઈત પ્રવૃતિમાં ફરી સંડોવાવું નહી.
(૨) આરોપીએ પોતાના રહેઠાણનું કાયમી સરનામું તેમજ કાયમી કોન્ટેકટ નંબર પુરસીસથી જાહેર કરવા.
(૩) આરોપીએ હવે પછી દરેક મુદતે અદાલત સમક્ષ બિનચુક હાજર રહેવું.

ઉપરોકત શરત કે શરતોનાં ભંગથી જામીન આપોઆપ રદ થશે જેની આરોપીએ નોંધ લેવી.

આ હુકમ આજરોજ તા. ૧૧/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૧/૦૩/૨૦૨૬
ઉના

**બીજા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, ઉના.**